મહત્તમ : ૨૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૧.૩ ડીગ્રી
ભેજ
સવારે ૮૨ ટકા ● સાંજે ૬૦ ટકા
ગાંધીનગર તાપમાન

# શતાબ્દી એક્સપ્રેસમાં દરરોજના માત્ર ૧૫-૨૦ મુસાફરો

## શતાબ્દી એક્સપ્રેસ હજી ગાંધીનગરમાં લોકપ્રિય નથી બની



ગાંધીનગર, તા. ૨૯

પશ્ચિમ રેલ્વેની પ્રિમિયમ ટ્રેન તરીકે જાણીતી શતાબ્દી એક્સપ્રેસ ટ્રેનને ગાંધીનગર સુધી લંબાવાઈ છે. ૨૨મીના રોજ આ ટ્રેનનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં ગાંધીનગરમાં પેસેન્જરોની સંખ્યા ખૂબ ઓછી જોવા મળી રહી છે. દરરોજના માત્ર ૧૫ થી ૨૦ પેસેન્જરો આ ટ્રેનમાં સવારી કરવા માટે નોંધાઈ રહ્યા છે. શહેરીજનો શતાબ્દી એક્સપ્રેસ ટ્રેનનો લાભ લઈ રહ્યા નથી તેવુ દેખાઈ રહ્યું છે.

શતાબ્દી એક્સપ્રેસ ટ્રેન પહેલા મુંબઈ-અમદાવાદ વચ્ચે દોડતી હતી. આ ટ્રેનને ગાંધીનગર સુધી લંબાવવા માટે ઘણા સમયથી માંગ કરવામાં આવી હતી. જે રેલ્વે વિભાગ દ્વારા પૂર્ણ કરવામાં આવી છે. મુંબઈને ગાંધીનગર સાથે શતાબ્દી એક્સપ્રેસ ટ્રેન દ્વારા કનેક્ટ કરવામાં આવ્યું છે. પરંતુ મુસાફરોની કમી વર્તાઈ રહી છે. શહેરીજનો આ સુવિધાનો લાભ લઈ રહ્યા નથી. જો આજ રીતે દરરોજના ૧૫ થી ૨૦ મુસાફરો નોંધાશે તો રેલ્વે વિભાગ દ્વારા સંજોગોવસાત આ ટ્રેન બંધ પણ થઈ શકે છે.

ગાંધીનગરમાં મુસાફરોને સુગમતા પડે તે માટે આ શતાબ્દી એક્સપ્રેસ ટ્રેન નંબર ૧૨૦૦૯ને ગાંધીનગર રેલ્વે સ્ટેશન સુધી લંબાવાઈ છે અને રેલ રાજ્યમંત્રી દર્શનાબેન જરદોષ અને નવસારી સાંસદ સી.આર. પાટીલ દ્વારા ટ્રેનને લીલી ઝંડી આપી સુરતથી રવાના કરાઈ હતી. જ્યારે સાંસદ સી.આર. પાટીલે જણાવ્યું હતુ કે આગામી સમયમાં શહેરીજનોની માંગણી મુજબ વધુ ટ્રેનો શરૂ કરવામાં આવશે તેવુ જણાવ્યુ હતુ. પરંતુ ૨૪ થી ૨૯ તારીખમાં રોજના માત્ર ગણ્યાગાંઠ્યા મુસાફરો જ આવી રહ્યા છે. આ ટ્રેનની જેમ માંગણી કરવામાં આવી હતી તેમ મુસાફરી માટેની સંખ્યા જોઈએ તેવી નોંધાઈ નથી. તેથી આગામી સમયમાં જો શહેરીજનો આ સુવિધાનો લાભ નહી લે તો તંત્ર દ્વારા આ સુવિધાઓને અટકાવવાના નિર્ણય પણ લેવાઈ શકે તેમ છે. ગાંધીનગર રેલ્વે સ્ટેશનમાં શતાબ્દી એક્સપ્રેસ ટ્રેન બપોરે ૧.૪૦ કલાકે પહોંચે છે અને ૯.૪૫ કલાકે મુંબઈ સેન્ટ્રલ પહોંચે છે. આ ટ્રેન બંને દિશામાં બોરીવલ્લી, વાપી, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, નડિયાદ, અમદાવાદ સ્ટેશનો પર ઉભી રહે છે. રવિવારને બાકાત કરતા દરરોજ શતાબ્દી એક્સપ્રેસ મુંબઈથી ગાંધીનગર સુધી કાર્યરત છે. જેનો મોટી સંખ્યામાં શહેરીજનો લાભ લે તેવી પ્રશાસન અને રેલ્વે અધિકારીઓ આશા સેવી રહ્યા છે.

**ગાંધીનગર કેપીટલ રેલ્વે સ્ટેશનમાં જુનું સ્ટેશન હતુ ત્યાં જ રેલ્વે ઉભી રહે છે. જેથી મુસાફરોને નવા સ્ટેશનથી જૂના સ્ટેશન સુધી ચાલવુ પડે છે. જેમાં ઘણીવાર ટ્રેન મીસ થવાની ઘટનાઓ બની છે. લીલા હોટલ નીચે નવું રેલ્વે સ્ટેશન વિકસાવવામાં આવ્યું છે પરંતુ ત્યાંથી ટિકીટ લેવાની વ્યવસ્થાઓ જ કરવામાં આવી છે. જ્યારે ટ્રેન તો જૂના રેલ્વે સ્ટેશન પર જ ઉભી રહે છે. જેથી મુસાફરોને મુશ્કેલીઓ પડે છે. સિનિયર સિટીજનોને વધારે જહેમત ઉઠાવવી પડે છે.**

# આવતીકાલે શહેરમાં ટી-૧૦ વિમેન્સ ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન

ગાંધીનગર, તા. ૨૯

શિયાળાની ઋતુ રમતગમત માટે વધુ અનુકૂળ આવતી હોવાથી આદર્શ ગણાય છે જેના કારણે આ સમયમાં વિવિધ જગ્યાએ વિવિધ રમતોની સ્પર્ધાઓના આયોજન મોટી સંખ્યામાં જોવા મળે છે. ક્રિકેટ અત્યારે દેશની સૌથી લોકપ્રિય રમત છે અને હવે ધીરે ધીરે મહિલા ક્રિકેટ પણ લોકપ્રિય બનતી જઈ રહી છે.

ગાંધીનગર ખાતે પણ મહિલા ક્રિકેટમાં આગળ વધવા માંગતી દિકરીઓ માટે આગામી તા.૩૧મી ડીસેમ્બર, શુક્રવાર કુડાસણમાં કામેશ્વર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે 'ટી-૧૦ વિમેન્સ હાર્ડ ટેનિસ બોલ ક્રિકેટ ટુર્નામેન્ટ'નું આયોજન કરવામાં આવ્યું છે.

'ટી-૧૦ વિમેન્સ હાર્ડ ટેનિસ બોલ ક્રિકેટ ટુર્નામેન્ટ'ના ઉદ્દઘાટન પ્રસંગે શુક્રવારે સવારે ૭ કલાકે મુખ્ય મહેમાન પદે ગાંધીનગરના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ ઉપસ્થિત રહી દીપ પ્રાગટ્ય કરશે. આ સાથે ગાંધીનગર ડીસ્ટ્રીકટ ક્રિકેટ એસોસીએશનના પ્રમુખ મેહુલ પટેલ અતિથી વિશેષ પદે ઉપસ્થિત રહેશે. ટુર્નામેન્ટમાં દરેક મૅચ દસ દસ ઓવરની રમાડવામાં આવશે જેમાં ક્રિકેટ બોર્ડ, જિલ્લા એસોશીયેશન કે કોઈ એકેડમી સાથે સંલગ્ન ન હોય તેવી દિકરીઓને જો ક્રિકેટમાં આગળ વધવા ઈચ્છી રહી છે તેમને તક આપવાનો પ્રયાસ કરવાનું આયોજન છે. સમગ્ર ટૂર્નામેન્ટનું આયોજન ગાંધીનગર જિલ્લાની દહેગામની વતની અને ગુજરાત ક્રિકેટ એસોસિએશનની મહિલા ક્રિકેટ ટીમના પૂર્વ ખેલાડી તથા પૂર્વ કૅપ્ટન કુ.દર્શન રાજપૂત દ્વારા કરવામાં આવ્યું છે. આ ટૂર્નામેન્ટમાં વિજેતા ટીમ અને રનર્સઅપ ટીમને ટ્રોફી તથા બેસ્ટ બોલર, બેસ્ટ બેસ્ટમેન, બેસ્ટ ઑલરાઉન્ડર અને બેસ્ટ વિકેટકીપરને મેડલ્સ આપી સન્માનિત કરવામાં આવશે.

# સે-૨૪ રંગમંચ ખાતે પારિવારિક સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૨૯

શહેરમાં સેકટર-૨૨ રંગમંચ ખાતે સવારે ૫.૩૦ થી ૭.૦૦ વાગ્યે યોગાસન કરાવવામાં આવે છે. જેમાં મોટી સંખ્યામાં શહેરીજનો જોડાઈ રહ્યા છે. આ પરીવારના સભ્યોનો સ્નેહમિલન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં માનસયોગ સેવા ટ્રસ્ટના સહયોગથી વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં લીંબુ ચમચી, સંગીત ખુરશી, ઝંડા દોડ, રામ રાવણ વિગેરે રમતો યોજાઈ હતી. આ સ્પર્ધામાં વિજેતાઓને પતંજલીની પ્રોડકટસની ગીફટ આપવામાં આવી હતી. જેમાં ચ્યવનપ્રાશ, બદામ પાક જેવી આયુર્વેદિક પ્રોડકટની ગીફટો આપવામાં આવી હતી. આ કાર્યક્રમને અંતે ભોજન સમારોહ રાખવામા આવ્યો હતો. જેમાં બાજરીના રોટલા, મકાઈના રોટલા, જુવારના રોટલા, ગાયના દેશી ઘીનું હળદરનું હળદરીયું, દેશી ગોળ, લીલા લસણની ચટણીનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન મનોજભાઈ યોગ શિક્ષક દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં પારિવારિક સભ્યોએ ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમમાં કાનજીભાઈ બાવરી, યોગગુરુ ડૉ. નેહલ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.

# સરકારી વાણિજય કોલેજ ખાતે GCC bizfest ૨૦૨૧ યોજાયો



ગાંધીનગર, તા.૨૯

સરકારી વાણિજય કોલેજ ખાતે GCC bizfest 2021 યોજાયો હતો. સમગ્ર બિઝનેસ ફેસ્ટિવલનું આયોજન ડૉ. પ્રતિભા નાયર, સી.એ.જયોતિ કારીયા, ડૉ.ધવલ નકુમ તેમજ સમગ્ર સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું. જેના ઉદઘાટન સમારંભમાં ગુજરાત સરકારના પૂર્વ ચીફ પ્રોટોકોલ ઓફિસર અને જોઈન્ટ સેક્રેટરી રહી ચૂકેલા જશવંત ગાંધી ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓએ તેમની રુચિ અનુસાર કુલ ૨૮ જેટલા બિઝનેસ સ્ટોલ ઉભા કર્યા હતા. આ કાર્યક્રમમાં કોલેજનો સમગ્ર સ્ટાફ, વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં જોડાયા હતા. તેમજ નિર્ણાયક તરીકે ડૉ. હિનાબેન પટેલ, ડૉ.લીનાબેન સ્વાદિયા, પ્રો. જીજ્ઞાબેન વાઘેલાને નીમ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમના સફળ સંચાલન માટે કોલેજના આચાર્ય ડૉ. એ.એન.સુતરીયાએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપીને પ્રોત્સાહિત કર્યા હતા.

# મોદી સમાજનું સ્નેહમિલન યોજાયું

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લા મોદી સમાજનો સ્નેહ સંમેલનનો કાર્યક્રમ રવિવારના રોજ યોજાયો હતો. જે.એસ. પટેલ ક્રિકેટ કલબ, કોબા ખાતે સ્નેહસંમેલન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે યોજાયેલ કાર્યક્રમમાં ૧૫ વર્ષથી ઉપરના વ્યકિતઓને ૧૦-૧૦ ઓવરની ક્રિકેટ મેચ તથા મહિલાઓ માટે તેમની રમતો રમાડવામાં આવી હતી અને ભાગ લેનાર દરેક ખેલાડીઓને ર્સ્ઢે લખેલી ટી-શર્ટ આપી સન્માન કર્યુ હતું. આ સંમેલનમાં ૨૦૨૦ તથા ૨૦૨૧ના વર્ષમાં સમાજમાં પ્રથમ ત્રણ નંબરે ઉત્તીર્ણ થયેલ તેજસ્વી બાળકોને પ્રમાણપત્રો સાથે ઈનામો તથા ઈશ્વાસન ઈનામો આપ્યા હતા. તથા ગત વર્ષના હિસાબો રજૂ કર્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન અશોકભાઈ મોદી દ્વારા કરવામાં આવ્યું હતું. નવા વર્ષ માટે કારોબારી સભ્યોની વરણી કરાઈ હતી અને અંતમાં ભોજન લીધા બાદ બચતમંડળના વ્યાજની વહેંચણી કરવામાં આવી હતી.

# નવા વર્ષની ઉજવણી માટે ગોવા, ઉદયપુર પ્રથમ પસંદગી

## શહેરનો યુવાવર્ગ આકર્ષક સમુદ્રી કિનારાઓ અને ઉદયપુરમાં નવા વર્ષની ઉજવણી માણશે

ગાંધીનગર, તા.૨૯

ઈશુના નવા વર્ષની ઉજવણી ધામધૂમથી કરવામાં આવે છે. નવા વર્ષની ઉજવણી ધામધૂમથી ઉજવવાની પરંપરા યુવા વર્ગમાં ચાલી રહી છે. સમુદ્ર કિનારાઓ, પાર્ટી, મ્યુઝિક અને ડાન્સ-ડાઈન માટે વખણાતું ગોવા જેમાં નવા વર્ષની ઉજવણી કરવાનો ઉત્સાહ યુવા વર્ગમાં આવ્યો છે. ઉપરાંત ઉદયપુર પણ નવા વર્ષની ઉજવણી માટે પસંદગીમય બનેલ છે. અત્યારથી ઉદયપુર અને ગોવામાં બુકીંગ ફુલ થઈ ગયા છે.

નવું વર્ષ એટલે ઉમંગ, ઉલ્લાસ અને ઉત્સાહ... અંગ્રેજી નવાવર્ષની ઉજવણી હવે પશ્ચિમી દેશોની સાથો સાથ ભારતમાં પણ ખૂબ ઉત્સાહપૂર્વક ઉજવાય છે. યુવાવર્ગ ડીજે સંગીતના તાલે મન મૂકીને ડાન્સ કરી નવા વર્ષને આવકારે છે. ઠેર ઠેર ડીજે પાર્ટીઓનું આયોજન કરવામાં આવે છે. જો કે નવા વર્ષની ઉજવણીનો આનંદ ખરા અર્થમાં માણવો હોય તો ગોવા, ઉદયપુર જેવા સ્થળ ભારતમાં અન્ય કોઈ બીજા નથી. આકર્ષક સમુદ્રી કિનારાઓ પર નવા વર્ષે યોજાતી ડીજે પાર્ટીઓમાં યુવાવર્ગ મન મુકીને મ્હાલે છે. યુવા વર્ગને જાણે ગોવાનું ઘેલું લાગ્યું છે. આ વર્ષે શહેરના ઘણા શહેરીજનો પોતપોતાના મિત્ર વર્તુળ સાથે નવા વર્ષની ઉજવણી કરવા ગોવા પહોંચી રહ્યા છે અને ઉદયપુરમાં તો વગર તહેવારે શહેરીજનો ફરવા માટે જતા હોય છે. રાજસ્થાન તો પાર્ટી કરવા માટે હોટ ફેવરેટ થઈ ચુકયું જ છે. ગોવા, ઉદયપુર જતી તમામ ફલાઈટો, ટ્રેનો અને બસો બુક થઈ ચુકી છે.

જો કે ગયા બે વર્ષોમાં કોરોના મહામારીના કારણે નવું વર્ષ માતમમાં ડૂબી ચુકયું હતું. ૨૦૨૦-૨૧ તો જાણે બધા માટે અનલકી સાબિત થયું છે. જેથી આ વર્ષને અલવિદા કહેવા માટે બધા તત્પર બન્યા છે. સરકારની કોરોના ગાઈડલાઈન તથા નાઈટ કરફયુનું પાલન કરીને આ વર્ષે ૩૧ ડિસેમ્બરની ઉજવણી કરવામાં આવશે. જેમાં સોસાયટીઓમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે તેવી સુત્રો દ્વારા માહિતી મળી રહી છે. જેમાં જમણવાર અને નાના મોટા કાર્યક્રમો યોજાશે. અગાઉ ૩૧ ડિસેમ્બરની ઉજવણી રાત્રીના ૧૨ કલાકે થતી હતી. મોડા સુધી શહેરમાં ટ્રાફિકના દ્રશ્યો જોવા મળતા હતા તે આ વર્ષે જોવા નહીં મળે કારણ કે નાઈટ કરફયુ અને કોરોનાના કેસો પણ વધી રહ્યા છે. તેથી મોટાભાગના શહેરીજનો ગુજરાત બહાર નવા વર્ષની ઉજવણી માટે નીકળી ચુકયા છે.

# સરસ્વતી વિદ્યાલયમાં ધ્યાનનો કાર્યક્રમ યોજાયો



સરસ્વતી વિદ્યાલયમાં હાર્ટફુલનેસ ધ્યાન ઈન્સ્ટિટયુટ દ્વારા ત્રિદિવસીય ધ્યાનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ધોરણ-૯ થી ૧૨ના વિદ્યાર્થીઓને ધ્યાનની પધ્ધતિ તેમજ ધ્યાનથી થતા ફાયદા જણાવવામાં આવ્યા હતા. આ ઈન્સ્ટિયૂટમાંથી મુકેશભાઈ બારોટ તેમજ તેમના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. શાળાનો સમગ્ર શૈક્ષણિક સ્ટાફ પણ આ કાર્યક્રમમાં જોડાયો હતો. આ કાર્યક્રમના અંતિમ દિવસે શાળાના પ્રમુખ પ્રદિપસિંહ બિહોલા ઉપસ્થિત રહ્યા હતા.

# પી.કે. ચૌધરી કોલેજના એન.એન.એસ. કેમ્પ ખાતે કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ




ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ અમદાવાદ તેમજ જિલ્લા કાનૂની સેવા સસ્તા મંડળ ગાંધીનગરના ઉપક્રમે સે. ૭ સ્થિત પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજના પ્રતાપપુરા ખાતે કાનૂની શિબિર યોજાઈ હતી. જેમાં ડિસ્ટ્રીક્ટ અને સેશન્સ કોર્ટ ગાંધીનગરના પેરા લિગલ વોલન્ટીયર સુધીરભાઈ દેસાઈએ કેમ્પમાં વિશેષ ભાગ લીધો હતો. જેમાં ૪૦ જેટલી વિદ્યાર્થીની બહેનોને (કોર્ટમાં ચાલતા કેસોનું કોર્ટ બહાર કાયદેસરનું સમાધાન) ઉપરાંત મહિલા અધિકારો વિશે વક્તવ્ય આપ્યું હતું. આ કાર્યક્રમાં મહેમાનપદે એન.એન.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. સજનબેન ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન ખુશ્બુ ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. મોદી ઉષાબેન સાકળચંદ, ઉ.વ. ૪૬, દોલારાણા વાસણા
- સ્વ. સોલંકી જીવીબેન રામાભાઈ, ઉ.વ. ૬૮, સે-૨૪, ઈન્દિરાનગર
- સ્વ. ચાવડા કોકીલાબા અમરસિંહ, ઉ.વ. ૫૯, લાકરોડા, માણસા

# વાવોલ સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાના સ્થળાંતરની હિલચાલ સામે આક્રોશ




ગાંધીનગર, તા.૨૯

વાવોલ સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા ૫૧ વર્ષથી ગામમાં કાર્યરત છે. જેને ગામ બહાર 'ક' રોડ સાઈડ સ્થળાંતરીત કરવાની અટકળો ચાલી રહી છે. જે બાબતે ગ્રામજનો સખત વિરોધ કરી રહ્યા છે. આ કાર્યવાહી સામે ગ્રામજનો તેમજ ખાતેદારો અને ડિપોઝીટરોએ ગામથી બેથી ત્રણ કિલોમીટર દૂર 'ક' રોડ પર ગામના છેવાડા સ્થળે બેંક લઈ જવા સામે સખત નારાજગી વ્યકત કરી છે. વાવોલમાં આ બેંક પંચાયતઘરની પાસે ગામની વચ્ચે છે તેજ સ્થળ પર રાખવા ઉગ્ર માંગણી થઈ રહી છે. ડેપ્યુટી મેયર અને વાવોલના કોર્પોરેટર પ્રેમલસિંહ ગોલ દ્વારા ફિલ્ડ જનરલ મેનેજર અને લાલદરવાજા સેન્ટ્રલ બેંકની કચેરી ખાતે એક આવેદન આપવામાં આવ્યું હતું. જેમાં ગામના ખાતેદારો, ડિપોઝીટર અને સિનિયર સિટીઝનના બહોળા હિતમાં આ બેંક આજુબાજુ જ રાખવાની માંગણી કરતા પત્ર દ્વારા આવેદન પાઠવ્યું હતું. વાવોલ સેન્ટ્રલ બેંકને ગામમાં અથવા નજીક રાખવા ગ્રામજનોની માંગણી છે જેનો ઉપાય કરવામાં નહિ આવે તો ગ્રામજનો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. બેંકના તમામ ખાતેદારો પોતાનાં ખાતા બંધ કરાવી ડિપોઝીટ ઉપાડી બીજી અન્ય બેંકમાં જવાની તૈયારી દાખવી રહ્યા છે. આ ઉપરાંત ગામના કોર્પોરેટર શૈલેશભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય પોપટલાલ પટેલ, વિક્રમસિંહ ગોલ, ગામ આગેવાનો વિનોદ રાઠોડ સહિત નારાજગી સાથે ૩૦મીએ સોમવારના રોજ રેલી કાઢી વિરોધ નોંધાવી વાવોલ બેંક મેનેજરને સાંજે ૪.૦૦ વાગે આવેદનપત્ર આપવા જવાનું હોવાથી સૌ ખાતેદારો, ડીપોઝીટરો, સીનીયર સીટીઝનોએ મોટી સંખ્યામાં હાજર રહેવા વિનોદ રાઠોડે જણાવ્યું હતું.

## જન્મદિને વધામણી



ખુશી ભરતકુમાર પ્રજાપતિ



પ્રત્યુષ તેજસકુમાર લેઉવા
મો. ૯૬૩૮૧ ૪૩૮૭૨



ધવલ તુષાર ધનેશ્વર
મો. ૯૪૨૬૪ ૫૯૨૬૬



હેમંત કે. પોપટ
સભ્ય, જલારામ સેવા સમાજ



રાજ અરવિંદ ખાંટ
મો. ૮૨૦૦૮ ૭૧૯૨૯



ચયંક પટેલ



મીત શૈલેષભાઈ ચૌહાણ
મો. ૭૩૮૩૭ ૨૪૪૯૪



પરિ પ્રજાપતિ
મો. ૯૭૧૨૭ ૮૮૧૧૮



સિતાબ કાદરી